બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# નહેમ્યાહની મોટી દિવાલ

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Jonathan Hay
અનુકૂલન : Mary-Anne S.
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઈરાન એક શક્તિશાળી રાજ્ય હતું. જેણે આખી દુનિયા પર રાજ કર્યું. જે રાજા રાજ કરતો હતો તેનું નામ હતું આર્તાહિશાસ્તા. જે દુનિયાનો સૌથી શક્તિશાળી રાજા હતો. આ રાજાના મદદનીશોમાંનો એક જેનું નામ નહેમ્યાહ હતું તે યહૂદી વ્યક્તિ હતો. તેનું પાત્રવાહકનું કામ હતું. એટલે કે રજાનું દરેક ભોજન તેણે જાતે ચાખવાનું હતું. જેથી કોઈ રાજાને ઝેર આપી મારી ન નાંખે.



એક દિવસ નહેમ્યાહ રાજાની સંમુખ આવ્યો ત્યારે નહેમ્યાહનું મોં નિરાશ પડી ગયું હતું. રાજા જાણવા માંગતો હતો કે શું ખરાબ બન્યું છે. “રાજાજી તમે સદાકાલ જીવો” નહેમ્યાહે જવાબ દીધો, “હું નિરાશ છું કારણ કે મારા બાપદાદાઓને જ્યાં દફનાવવામાં આવ્યા છે તે શહેર ખંડેર બની ગયું છે. અને તેના નગરના દરવાજાને ઘણા વર્ષો પહેલાના યુદ્ધને કારણે બાળી નાંખવામાં આવ્યા છે.”



આર્તાહિશાસ્તા રાજાએ તેને પૂછ્યું "તો તું એ માટે શું કરવા માંગે છે?" "મને યરૂશાલેમ જઈને તેને ફરી બાંધવા દો." નહેમ્યાહે વિનંતી કરી. આર્તાહિશાસ્તા રાજા વિનમ્રતાથી સંમત થયો. તેણે નહેમ્યાહને રાજવી પત્રો લખી આપ્યા. જેથી મુસાફરીમાં તેને કોઈ અળચણ આવે નહીં.



તે ઉપરાંત રાજાએ ઉપરવટ જઈને બીજી પણ મદદ કરી. તેણે નહેમ્યાહને આસાફને લખેલા પત્રો આપ્યા કે જે વ્યક્તિ જંગલોનો રખેવાળ હતો. આસાફને હુકમ આપવામાં આવ્યો હતો કે નહેમ્યાહને જોઈતા સઘળા લાકડાં આપવામાં આવે જેથી તે નગરની દિવાલ બનાવી શકે.



નહેમ્યાહ યરૂશાલેમ નગરમાં જઈ ચઢ્યો, તેણે નગરના સઘળા વડિલોને બોલાવ્યા અને કહ્યું, “આપણે સંકટમાં આવી પહોંચ્યા છીએ. આપણું શહેર ખંડેર બની ગયું છે. અને દરવાજાઓ બાળી નાંખવામાં આવ્યા છે. ચાલો તેને બાંધવાની શરૂઆત કરીએ.” આર્તાહિશાસ્તા રાજાએ આ માટે પરવાનગી આપેલી છે અને તે કરતાં ઉપરાંત મહત્વની બાબત એ છે કે ઈશ્વર આપણી તરફેણમાં છે.



નહેમ્યાહના વિશ્વાસ અને તેના જુસ્સાએ લોકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હશે. તેઓ સંમત થયા, કહેવા લાગ્યા કે, "ચાલો આપણે તેને બનાવીએ." નહેમ્યાહે દરેક કુટુંબને દિવાલનો અમૂક ભાગ નક્કી કરી આપ્યો કે તેમણે કઈ જગ્યા બાંધવાની છે.



પણ દરેક વ્યક્તિઓ આ દિવાલ બનાવવામાં સંમત થયા નહીં! એક વ્યક્તિ જેનું નામ શાનબલાટ હતુ ંઅને તેના બે મિત્રો ટોબીયા અને ગેશેમ જેઓ યહૂદીઓ ન હતા તેઓ દિવાલ બાંધવામાં તથા દરવાજા



મૂકવામાં આવે તેવું ઈચ્છતા ન હતાં.

જ્યારે કામની શરૂઆત કરવામાં આવી ત્યારે શાનબલાટ ખૂબ જ ગુસ્સે થયો. તેણે તથા તેના મિત્રોએ આ યહૂદી લોકોની મશ્કરી કરી. ટોબિયાહે કહ્યું કે જ્યારે આ લોકો પોતાની દિવાલો પૂરી કરશે અને તેનાં પર શિયાળ ચઢશે તો પણ એ દિવાલ ધરાશયી પડશે. નહેમ્યાહે કોઈ જવાબ ન આપ્યો. તેના બદલે તેણે પ્રાર્થના કરી તે



ઈશ્વર તેમની સાથે વ્યવહાર કરશે.

તેઓની મશ્કરીથી કાંઈ કામ ન ચાલ્યું ત્યારે તેઓ એકત્ર થઈને યરૂશાલેમની વિરૂદ્ધ લડવા માટે તથા ભંગાણ પડાવવા માટે કાવતરું ઘડ્યું. જેથી તેઓ બનતી બધી તકલીફો આપી શકે. ફરી નહેમ્યાહે ઈશ્વરને મદદ માટે પ્રાર્થના કરી. તે રાત દિવસ રખેવાળો મૂક્યા જેથી કોઈ પણ વ્યક્તિ તે ચકીત કરીને હુમલો ન કરી જાય.



આ યહૂદી લોકોએ ખૂબ જ મહેનત કરીને હવે તેઓ થાકી જવા લાગ્યા. તેઓને બીક લાગવા લાગી કે જ્યારે તેઓ બાંધકામ કરી રહ્યા છે ત્યારે તેમના દુશ્મનો આવીને તેમને મારી ન નાંખે. છતાં પણ નહેમ્યાહે આ કાર્ય બંધ રાખ્યું નહિં. તેણે ચોકીદારો નીમ્યા જેથી તેઓ બાંધકામ કરનારની સાથે રહી શકે અને નહેમ્યાહે તેઓને યાદ દેવડાવ્યું કે તેમની સાથે રહેલો ઈશ્વર તેમના દુશ્મનો કરતા વધુ શક્તિશાળી છે.




નહેમ્યાહે સારો નમૂનો
પૂરો પાડવા માટે ખૂબ
જ કોશિસ કરી.
આર્તાહિશાસ્તા રાજાએ નહેમ્યાહને
સૂબો બનાવ્યો અને તેને અધિકાર
આપ્યો કે તે તેમના લોકો પ
ાસેથી કર ઉઘરાવે જેથી તેઓ તેને
ખોરાક અને નાણાં પૂરા પાડે. પણ
તેણે એવું કર્યું નહિ. તેણે લોકોની
સાથે મળીને કામ કર્યું. તેણેપોતાના
ખોરાક માટે પોતાના
પૈસાથી ખરીદી
કરી.

આખરે દિવાલને પૂરી કરવામાં આવી. ફક્ત બારણા અને મુખ્ય દરવાજાઓ મૂકવાના બાકી રહ્યાં હતાં. જ્યારે શાનબલાટે, ટોબિયાહે અને ગેશેમે તે સાંભળ્યું કે દિવાલમાં કોઈપણ ખાલી જગ્યા રહી નથી. ત્યારે તેમણે નહેમ્યાહને નુકશાન પહોંચાડવાની કોશિશ કરી.



તેઓએ સંદેશાવાહકોને મોકલીને નહેમ્યાહને ઓનો નામની જગ્યા પર મળવા માટે બોલાવ્યો. પણ નહેમ્યાહને ખબર હતી કે તેઓ કાવતરું રચીને તેને નુકશાન પહોંચાડવા માંગે છે. તેણે પત્રમાં લખી જણાવ્યું કે તે કામ છોડીને આવીને તેમને મળી શકે તેમ નથી.




આખરે નહેમ્યાહે
દિવાલ બનાવવાનું
કામ પુરું
કર્યું અને
તેણે ચોકીદારોને દિવાલની
રક્ષા કરવા નિમણુક કર્યા.


તેણે નિયમ બનાવ્યો
કે સૂર્યનો ઉદય થાય
નહીં ત્યાં સુધી
શહેરના
દરવાજા
ખોલવા નહીં. રાત્રી દરમ્યાન
તેને બંધ કરીને વાસી દેવા.

હવે નગર સલામત બની ગયું હતું. ઘણા યહૂદીઓ જેને બંદી કરી લઈ જવામાં આવ્યા હતા તેઓ યરૂશાલેમમાં પાછા ફર્યા. પુષ્કળ અવરોધો હોવા છતાં નહેમ્યાહે તે કામ પૂર્ણ કર્યું. જેથી તેને ખૂબ જ આનંદ થયો હશે. તે યરૂશાલેમમાં રહ્યો અને લોકોને મદદ કરી જેથી તેઓ ઈશ્વરને આધિન બનીને તેની પાછળ ચાલે.



# નહેમ્યાહની મોટી દિવાલ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નહેમ્યાહ

*“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”*
*ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦*

# સમાજ

35

60

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે.  તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહોઃ
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬